# THE ADMISSION COMMITTEE FOR PROFESSIONAL COURSES

Phone : (079) 26300360
Telefax : (079) 26304118
E-mail : info@jacpcldce.ac.in
Website : http://www.jacpcldce.ac.in

ACPC

GUJARAT STATE
L. D. College of Engineering Campus,
Navrangpura, Ahmedabad - 380 015.

150 YEARS OF CELEBRATING THE MAHATMA


**No. : ACPC/ADM-19/680** **Dt. : 08-08-2019**

પ્રતિ,
**આચાર્યશ્રી/મેનેજિંગ ટ્રસ્ટીશ્રી,**
સ્વનિર્ભર ડિગ્રી ઈજનેરીની તમામ સ્વનિર્ભર સંસ્થાઓ.

**વિષય : સ્વનિર્ભર ડિગ્રી ઈજનેરીની સંસ્થાઓમાં ખાલી રહેલી બેઠકો ઉપર પ્રવેશ આપવા બાબત.**
**સંદર્ભ : શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનાં જાહેરનામા ક્રમાંક : GS/SH/11/2013/PVS/102012/142/S તા. ૩૦-૦૪-૨૦૧૩ અને તેના વખતો વખતના સુધારા.**

મહોદય,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે આપને જણાવવાનું કે, ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગનાં સંદર્ભિત જાહેરનામા અન્વયે રાજ્યમાં આવેલી ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમો ચલાવતી તમામ સંસ્થાઓમાં મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ તમામ ઉમેદવારોને પ્રવેશ ફાળવ્યા બાદ ખાલી રહેલી જગ્યાઓ સંદર્ભિત જાહેરનામાનાં નિયમ-૧૯ 'ખાલી બેઠકો' મુજબ ભરવાની થાય છે.

પ્રવેશ વર્ષ ૨૦૧૯ નાં પ્રથમ વર્ષ ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા તા. ૨૦-૦૭-૨૦૧૯ તેમજ ઓફ લાઈન પ્રવેશ પ્રક્રિયા તા. ૦૯-૦૮-૨૦૧૯ ના રોજ અત્રેની સમિતિ દ્વારા પૂર્ણ જાહેર કરવામાં આવેલ છે. સદર પ્રક્રિયા બાદ ખાલી રહેલી બેઠકો શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યનાં જાહેરનામા ક્રમાંક : GS/SH/11/2013/PVS/102012/142/S તા. ૩૦-૪-૨૦૧૩ અને તેના વખતો વખતના સુધારાના નિયમ-૧૯ મુજબ **"ખાલી બેઠકો"** ભરવાની થાય છે. જેનાં અનુસંધાને સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકોની માહિતી પ્રવેશ સમિતિની વેબસાઈટ www.jacpcldce.ac.in ઉપર મુકવામાં આવેલ છે. <u>ખાલી રહેલી બેઠકો માટે નીચે મુજબના અગ્રતાક્રમથી ઉમેદવારોની પસંદગી કરવાની રહેશે.</u>

(૧) પ્રવેશ વર્ષ-૨૦૧૯ ની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ હોય અને પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદી (મેરીટ લીસ્ટ) માં સમાવિષ્ટ હોય,
(૨) ગુજરાત રાજ્યમાંથી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ હોય અને GUJCET-2019 પ્રાવેશીક પરીક્ષા આપેલ હોય તેમજ બોર્ડ દ્વારા ચાલુ વર્ષમાં લેવામાં આવેલ પૂરક પરીક્ષામાં બેઠા પછી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ તથા GUJCET-2019 ની પરીક્ષા આપેલ હોય,
(૩) અન્ય રાજ્યમાંથી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ તથા GUJCET-2019 પ્રાવેશીક પરીક્ષા આપેલ હોય,
(૪) AICTE, New Delhi ની ગાઈડ લાઈન પ્રમાણે લઘુત્તમ લાયકાત સાથે ડિપ્લોમા ઈજનેરી / ડિગ્રી સાયન્સની પરીક્ષા ઉત્તીર્ણ કરેલ ઉમેદવારો,
(૫) બોર્ડ માંથી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ પરંતુ GUJCET-2019 ની પરીક્ષા ન આપેલ હોય તેવા ઉમેદવારો,

આવા ઉમેદવારોએ (૧) જે-તે સંસ્થાના નોટિસ બોર્ડ અને વેબસાઈટ ઉપર મુકવામાં આવેલ ખાલી બેઠકોનો અભ્યાસ કરી (૨) પોતાના મેરીટ માર્કસને ધ્યાને રાખી (૩) સ્વનિર્ભર સંસ્થાઓની ફીને ધ્યાને રાખી સંબંધિત સંસ્થાઓ ખાતે, નીચે જણાવેલ કાર્યક્રમ મુજબ, નિયત ફી રૂા. ૩૫૦/- રોકડા ભરીને પ્રવેશ ફોર્મ મેળવી તે જ સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ જમા કરાવવાનું રહેશે. સ્વનિર્ભર સંસ્થા દ્વારા ખાલી રહેલ બેઠકો માટે ઉપરોક્ત કાર્યરીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સદર પ્રક્રિયા અર્થે બહોળી પબ્લીસીટી કરી, સંસ્થાસ્તરે નીચે મુજબનાં સમયગાળા દરમ્યાન દર્શાવેલી કાર્યવાહી કરવાની રહેશે. જે તે સંસ્થાના પ્રવેશ કાર્યક્રમ અનુસાર ઉમેદવારે સ્વખર્ચે જે તે સંસ્થા ખાતે જવાનું રહેશે. અગાઉનો પ્રવેશ સમિતિ દ્વારા ફાળવવામાં આવેલ પ્રવેશ રદ્દ થતા ઉમેદવારોને ફી રીફંડ સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ-૧૮ "Cancellation of Admission and Refund of Fee" પ્રમાણે થશે.

(પાછળ .....)

Phone : (079) 26300360
Telefax : (079) 26304118
E-mail : info@jacpcldce.ac.in
Website : http://www.jacpcldce.ac.in

ACPC

GUJARAT STATE
L. D. College of Engineering Campus,
Navrangpura, Ahmedabad - 380 015.


150 YEARS OF CELEBRATING THE MAHATMA

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૧૦-૦૮-૨૦૧૯ | ખાલી બેઠકોની યાદી પ્રવેશ સમિતિ તથા જે તે સ્વનિર્ભર સંસ્થાના નોટિસ બોર્ડ/વેબસાઈટ ઉપર પ્રસિદ્ધિ |
| ૨. | ૧૦-૦૮-૨૦૧૯ થી ૨૩-૦૮-૨૦૧૯ | જે-તે સ્વનિર્ભર સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી (પ્રવેશ ફોર્મની મહત્તમ કિંમત રૂા. ૩૫૦/-) |
| ૩. | ૨૩-૦૮-૨૦૧૯ થી ૩૧-૦૮-૨૦૧૯ | જે-તે સ્વનિર્ભર સંસ્થા ખાતે મેરીટ લીસ્ટ નોટિસ બોર્ડ/વેબસાઈટ ઉપર પ્રસિદ્ધિ તથા પ્રવેશ ફોર્મ ભરેલ હોય તેવા તમામ ઉમેદવારો માટે રૂબરૂ પ્રવેશની પ્રક્રિયા. |
| ૪. | ૦૫-૦૯-૨૦૧૯ | અત્રેની સમિતિ ખાતે પ્રવેશ યાદી એન્ડોર્સમેન્ટ માટે મોકલવાની રહેશે. |

ખાલી રહેલી જગ્યાઓ માટે ઉપરોક્ત કાર્યરીતિનું પાલન કરવાનું રહેશે. કોઈપણ સંસ્થા પ્રવેશ ફોર્મ સ્વીકારવાની ના પાડી શકશે નહીં. સદર પ્રક્રિયા અર્થે બહોળી પબ્લીસીટી કરી, સંસ્થાની વેબસાઈટ ઉપર 'ખાલી રહેલી બેઠકો'ની યાદી દર્શાવવાની રહેશે તેમજ પ્રવેશ સમિતિ દ્વારા ખાલી રહેલી બેઠકો ભરવા માટે જે સૂચનાઓ વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલી છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે અન્યથા નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

**S/d**
**(મેમ્બર સેક્રેટરી)**